## 1. ટૂંકનોંધ લખો : સામુહિક હકો

- વ્યક્તિઓના કેટલાક સમૂહોને આપવામાં આવતા હક એટલે સામુહિક હકો.  સંયુક્ત રાષ્ટ્રોએ ઠરાવ કરીને આવા હકો આપ્યા છે. ભારતીય બંધારણમાં, કાયદાઓના ઘડતર દ્વારા અને અદાલતી ચુકાદાઓ દ્વારા રસીઓ, બાળકો, કેદીઓ અને શરણાર્થીઓ જેવા સમૂહોને આવા સામુહિક હકો આપ્યા છે.
- સામુહિક હકોના કેટલા ઉદાહરણો : સગર્ભા સ્ત્રીને ફાંસીની સજા આપી શકાય નહી, તે સજાને આજીવન કારાવાસમાં રૂપાંતરીત કરવી. બાળકોને મજૂરીએ રાખી શકાતા નથી. (બાળમજૂરી ધારો) છ થી ચૌદ વર્ષ સુધીના બાળકોને મફત પ્રાથમિક શિક્ષણનો હક. ધાર્મિક, ભાષાકીય કે જાતીય લઘુમતીઓને પોતાના સાંસ્કૃતિક જીવન જીવવાનો હક.
- આરોપીને તેની ભાષામાં ધરપકડનાં કારણો જાણવાનો હક.  કેદીઓને સ્વજનોને મળવાનો, લેખનકાર્ય કરવાનો અને વર્તમાનપત્ર વાંચવાનો હક. UN એ શરણાર્થીઓના પુનઃસ્થાપ માટે અને હકોના રક્ષણ માટે ‘‘યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર ફોર રેફયુજી’’ નામની સંસ્થા સ્થાપી છે.

## 2. ટૂંકનોંધ લખો : બેવડી નાગરિક્તા

- સમવાયતંત્રી દેશોમાં તેમના નાગરિકોને તેમનાં ઘટક રાજયનું અને સમવાયતંત્રનું નાગરિકત્વ આપવામાં આવે છે. બે કક્ષાએ નાગરિકત્વ આપવામાં આવતું હોવાથી તેને બેવડી નાગરિક્તા કહે છે. દા.ત, અમેરિકા અને ભારતમાં જમ્મુકાશ્મીર રાજયના નાગરિકો બેવડી નાગરિક્તા ધરાવે છે.
- OCI દ્વારા બેવડુ નાગરિકત્વઃ 2005માં ભારત સરકારે પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના ભાગરૂપે ‘‘ઓવરસિઝ સિટિઝનશિપ ઓફ ઈન્ડિયા’’ નામનો નવો કાયદો અમલમાં મૂક્યો. (09-01-2006ના રોજ અમલ)  OCIAct હેઠળ NRI ભારતમાં પણ કેટલાક અધિકારો ભોગવી શકશે. અન્ય દેશનું નાગરિકત્વ ધરાવતો NRI ભારતમાં ડૉક્ટર, ડેન્ટિસ્ટ, નર્સ, ફાર્માસિસ્ટ, વકીલ, આર્કિટેક્ટ જેવા વ્યવસાય કરે છે. OCL Act દ્વારા નાગરિક્તા પ્રાપ્ત કરનારને નીચેના અધિકારો મળતા નથી.  રાજકીય અધિકારો ન મળે.  સમાનતાનો અધિકાર ન મળે.  ખેતી માટે જમીન ખરીદી ન શકે.  'OCI' act પાકિસ્તાન કે બાંગ્લાદેશનું નાગરિત્ત્વ ધરાવતા લોકો માટે લાગી પાડી શકાતું નથી.